<u>ફોર્મ – એ</u>

આંક–

કપડવંજના મહેરબાન એડીશનલ સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.કપડવંજ હાજરઃ શ્રી એમ.આર.શુકલા, એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,કપડવંજ (જજમેન્ટ આપ્યાની તારીખઃ૨૫/૦૫/૨૦૨૬) (ફો.કેસ નં.૪૩૮/૨૦૨૧) (ગુનાની કલમ–ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ)

ફરીયાદી	**શાંતિભાઈ અંબાલાલ પટેલ**, ઉ.વ.પ૪, રહે.જલારામ પાર્ક સોસાયટી, મુ.પો.તા.કપડવંજ, જિ.ખેડા.
ફરીયાદીપક્ષ તરફે વિ.વ.શ્રી	જે.એસ.સોલંકી
આરોપી	**પટેલ સુરેશભાઈ કોદરભાઈ**, ઉ.વ.પુખ્ત, રહે.રામજીમંદિર પાસે, મુ.પો.વાસણીરિલ તા.બાયડ, જિ.અરવલ્લી.
આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી	એમ.એ.શેખ

<u>ફોર્મ–બી</u>

ગુનો બન્યાની તારીખ	૨૮/૦૪/૨૦૨૧
એફ.આઈ.આર.ની તારીખ	------
ચાર્જશીટની તારીખ	------
તહોમતનામું/ પ્લી લેવાની તારીખ	૧૭/૧૨/૨૦૨૧
પુરાવો લેવાનો ચાલુ કર્યા તારીખ	------
દલીલ સાંભળેલ તારીખ	૧૫/૦૪/૨૦૨૬
જજમેન્ટ આપ્યાની તારીખ	૨૫/૦૫/૨૦૨૬
સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો)	૨૫/૦૫/૨૦૨૬

<u>આરોપીની વિગતો</u>

આરોપીની સંખ્યા	આરોપીનું નામ	અટક કર્યા તારીખ	જામીન પર મુક્ત કર્યાની તારીખ	ગુનાઓના આરોપીસર	સજા/ નિર્દોષ	ફરમાવેલ સજા	કેદમાં રહેલ મુદ્દતનો સમય ક્રિ.પો.કોડની કલમ–૪૨૮ના હેતુસર
૦૧ (એક)	પટેલ સુરેશભાઈ કોદરભાઈ	--	--	ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮	સજા	૬ માસની સાદી કેદ	--

ફોર્મ – સી

એ–ફરીયાદીનાપક્ષના સાક્ષીઃ–

નંબર	નામ	પુરાવાનો પ્રકાર	આંક
–	–	–	–

બી–આરોપીપક્ષના સાક્ષીઃ–

નંબર	નામ	પુરાવાનો પ્રકાર	આંક
–	–	–	–

સી–કાર્ટ તરફેના સાક્ષીઃ–

નંબર	નામ	પુરાવાનો પ્રકાર	આંક
–	–	–	–

એ–ફરીયાદીનાપક્ષના તરફે આંકે પાડેલ દસ્તાવેજોઃ–

નંબર	આંક	વિગત
૧	૧૫	અસલ તકરારી ચેક
૨	૧૬	અસલ રીટર્ન મેમો
૩	૧૭	નોટીસ
૪	૧૮	પોસ્ટ ખાતાની સફેદ પાવતી
૫	૧૯	એક્નોલેજમેન્ટ રીસીપ્ટ
૬	૨૦	પોસ્ટનો ટ્રેકીંગ રીપોર્ટ

બી–આરોપીપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજોઃ–

નંબર	આંક	વિગત

સી–કોર્ટ તરફે આંકે પાડેલ દસ્તાવેજોઃ–

નંબર	આંક	વિગત

ડી–મહત્વની વસ્તુઓઃ–

નંબર	આંકના નંબર	વિગત
૧	M01	
૨	M02	

||-- જજમેન્ટ --||

(૧) ફરીયાદીની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે, ફરીયાદી નાઓએ કૃષ્ણ સ્ટોરેજ, નવાગામ, તા.કપડવંજ ખાતે મુકેલ ફરીયાદીના બટાકાનું કોમર્શિયલ બિયારણમાંથી આ કામના આરોપીનાએ કુલ-૧૦૦ કટ્ટા જેનો એક કટ્ટાનો ભાવ રૂ૦૧,૭૫૦/- લેખે રૂ૦૧,૭૫,૦૦૦/- પુરાનું બટાકાનું કોમર્શિયલ બિયારણ લઈ ગયેલા અને ત્રણ માસમાં ચુકવી આપવાના વાયદો કરી માલ ઉધાર લઈ ગયેલા, આમ, ત્રણ માસ બાદ ઉઘરાણી કરતાં આરોપી નાઓએ તેઓની રકમ પેટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, આઝાદ ચોક, કપડવંજ શાખાના ખાતા નં.૩૦૩૨૪૫૮૫૪૧૧ના ચેક નં.૦૯૫૦૧૨, રૂ૦૧,૭૫,૦૦૦/-નો તા.૧૯/૦૩/૨૦૨૧ના રોજનો ચેક ફરીયાદીને આપેલ, જે ચેક તેઓએ બેંકમાં જમા કરાવતા "Today's Opening Funds Insufficient" ના શેરાથી તા.૨૦/૦૩/૨૦૨૧ ના રોજ પરત ફર્યા બાદ આરોપી નાઓને તે અંગેની તા.૨૪/૦૩/૨૦૨૧ ના રોજની નોટીસ રજી.પો.એડી.થી મોકલી આપેલ, જે આરોપી નાઓને તા.૨૬/૦૩/૨૦૨૧ ના રોજ બજી ગયેલ હોવા છતાં ફરીયાદી નાઓની નોટીસનો કોઈ અમલ કરેલ નથી કે તેમની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. ફરીયાદી નાઓને આરોપી નાઓના વિરૂદ્ધ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ ફરીયાદ કરવાની જરૂર પડેલ છે.

(૨) ઉપરોકત પેરેગ્રાફમાં જણાવેલ હકીકતવાળી ફરીયાદ રજુ કરતાં ફરીયાદી નાઓની ફરીયાદ રજીસ્ટરે લેવાનો હુકમ કરી ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૦૪ ની જોગવાઈ અન્વયે આરોપી વિરૂદ્ધ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ ના સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) સદરહુ ફરીયાદનું રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ જતાં અને આરોપી નાઓને તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં આરોપી નાઓને ફરીયાદ તથા તેની સાથે ફરીયાદી નાઓએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો પુરી પાડેલ. વધુમાં સદરહુ ફરીયાદનું રેકર્ડ તથા રોજકામ મુજબ આ અદાલત દ્વારા આંક-૦૭ થી આરોપી નાઓનો જવાબ(પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપી નાઓએ ગુનો કબુલ ન રાખતાં સદરહુ ફરીયાદનું કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૪) સદર કામના ફરીયાદપક્ષે ફોર્મ–સી મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. સદર કામે ફરીયાદપક્ષે આંક–૨૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરવામાં આવેલ.

(૫) પ્લી લીધા બાદ આરોપી હાજર ન રહેતા તેઓને હાજર રખાવા વોરંટ કાઢવામાં આવેલ, પરંતુ આરોપી ઈરાદાપૂર્વક નાસતાં–ભાગતાં રહી વોરંટની બજવણી ટાળી ટ્રાયલ દરમ્યાન ઉપસ્થિત રહેતાં તેઓનો ફરીયાદી નાઓની ઉલટતપાસ લેવાનો અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ–૩૧૩ મુજબના વિશેષ નિવેદનનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષની દલીલો સાંભળી આરોપીની દલીલોનો હક્ક પણ બંધ કરવામાં આવેલ તથા આંક–૨૯ થી ફરીયાદી તરફે લેખિત દલીલો રજુ કરેલ છે.

(૬) આ કામે ફરીયાદ પક્ષે રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થયેલ છે.

–:: મુદ્ધાઓ ::–

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીનાએ તેમની સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, આઝાદ ચોક, કપડવંજ શાખાના ખાતા નં.૩૦૩૨૪૫૮૫૪૧૧ના ચેક નં.૦૯૫૦૧૨ થી રૂ.૧,૭૫,૦૦૦/–નો તા.૧૯/૦૩/૨૦૨૧ના રોજના ફરીયાદવાળા ચેક ફરીયાદીના કાયદેસરના લેણાની ચુકવણી પેટે તથા આરોપીના કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવા દેવાની ચુકવણી પેટે ફરીયાદીને આપી ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્ધાઓ અંગે આ કોર્ટના ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) હુકમ મુજબ.

(૮) ઉપરોક્ત મુદ્ધાને આધીન જવાબ આપેલ છે તે અંગેના મારા કારણ નીચે મુજબ છે.

॥ કારણો ॥

(૯) આ કામે હાલની ફરીયાદ ફરીયાદી શાંતિભાઈ અંબાલાલ પટેલ નાઓએ કરેલ છે અને તેમની ફરીયાદના સમર્થનમાં આંક–૦૪ થી સરતપાસની એફીડેવીટ રજુ કરેલ છે. જેમા તેઓએ ફરીયાદની હકીકતનું સમર્થન અને પુનરાવર્તન કરેલ છે અને જણાવેલ છે કે આરોપીએ ફરીયાદી પાસેથી બટાકાનું કોમર્શિયલ બિયારણ લીધેલ અને નાણાંની ચુકવણી પેટે ફરીયાદવાળો ચેક આપેલ અને તે ચેક Today's Opening Funds Insufficient ના શેરાથી પરત આવેલ હોય આરોપીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયે ગુનાહિત કૃત્ય કરેલ હોઈ ફરીયાદીએ આંક–૧૭ વાળી તા.૨૪/૦૩/૨૦૨૧ના રોજની નોટીસ આરોપીને રજી. પોસ્ટ એડી.થી નોટીસ મોકલેલ તે આંક–૨૦ થી આરોપીને તા.૨૬/૦૩ /૨૦૨૧ ના રોજ બજી ગયેલ હોવા છતાં ફરીયાદીની નોટીસનો કોઈ અમલ કરેલ નથી કે તેમની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી.

(૧૦) આ કામે આરોપી સામે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની વ્યાખ્યા ધ્યાને લેતાં,

કલમ–૧૩૮ નીચે મુજબ છેઃ–

138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.–

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may be extended to two

years, or with fine which may extend to twice the amount of the cheque, or with both:

Provided that nothing contained in this section shall apply unless–

(a) the cheque has been presented to the bank within a period

of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;

the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice. Explanation. For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.

કલમ–૧૩૯ નીચે મુજબ છેઃ–

Presumption in favour of holder.–

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

(૧૧) ઉપરોકત વ્યાખ્યાના આવશ્યક તત્વો ધ્યાને લેતાં ડ્રોવર દ્ધારા ચેક આપવામાં આવેલ હોય, જે ચેક અપુરતાં ભંડોળના કારણે અથવા તો બેંક સાથે થયેલ ગોઠવણ કરતાં ચેકની રકમ વધારે હોય તેવા સંજોગોમાં ચેક પરત ફરે અને તે ચેક પરત ફર્યાની જાણ થયા બાદ દિન–૩૦ માં ચેકના ડ્રોવરને તે અંગેની લેખિત નોટીસ આપવામાં આવે અને તે નોટીસ મળી ગયા બાદ ૧૫ દિવસમાં જો નાણાં ચુકવવામાં ન આવે તો ૩૦ દિવસમાં કોર્ટમાં લેખિત ફરીયાદ કરી શકાશે અને ત્યારબાદ જ કોર્ટ કોગ્નીઝન્સ લઈ શકશે. જે ચેક આપવામાં આવેલ હોય તે કાયદેસર લેણી રકમ પેટે આપવામાં આવેલો હોવો જોઈએ. સને–૨૦૦૨ થી ચેકોની વિશ્વસનીયતા વધારવા કલમ–૧૩૮ ના ગુનાને

ફોજદારી સ્વરૂપ આપવામાં આવેલ અને આવા ગુનાઓ પ્રમાણ વધતાં તેમાં સજાની જોગવાઈ અને ચેકની રકમ રૂપે વળતરની જોગવાઈ કરવામાં આવેલ.

(૧૨) આ કામે કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં તેમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ તથા કલમ–૧૧૮ મુજબનાં અનુમાનો આપવામાં આવેલ છે. જે અનુમાનો જોતાં જે ચેક આપવામાં આવેલ છે તે કાયદેસરની લેણી રકમ પેટે આપવામાં આવેલ છે તેવું અનુમાન કરવામાં આવશે અને કલમ–૧૧૮ ના અનુમાનો જોતાં તે ચેક અવેજ પેટે આપવામાં આવેલ છે અને તેમાં તારીખ વિગેરેની વિગતો લખેલ છે તે અંગે અનુમાન કરવામાં આવશે. એટલે કે, જયારે કોઈપણ વ્યકિત નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ અન્વયે ફરીયાદ લઈને આવે ત્યારે કાયદા અન્વયે એવું અનુમાન કરવામાં આવશે કે તે ચેક તેમને કાયદેસરની લેણી રકમ પેટે આપવામાં આવેલ હતો અને ચેક કાયદેસર લેણી રકમ પેટે આપવામાં આવેલ ન હતો તેનું ખંડન કરવાની જવાબદારી આરોપીની છે.

(૧૩) આરોપી તરફે નામદાર સુપ્રીમ કોર્ટના બસલીંગપ્પા વિરૂદ્ધ મુધીબસપ્પાના ચુકાદા પર આધાર રાખેલ છે, તે ચુકાદાના પેરા–૧૭ તથા ૨૦માં નામદાર સુપ્રીમ કોર્ટે નીચે મુજબ જણાવેલ છે.

17. In Kumar Exports Vs. Sharma Carpets, (2009) 2 SCC 513, this Court again examined as to when complainant discharges the burden to prove that instrument was executed and when the burden shall be shifted. In paragraph Nos. 18 to 20, following has been laid down:-

20. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would

not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist...

આમ ઉપરોક્ત ચુકાદામાં નામદાર સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા ઠરાવ્યા મુજબ જયારે એક વખત ચેકનું એકઝીકયુશન પુરવાર થયેલ છે ત્યારે કલમ-૧૩૯ મુજબ જે અનુમાન છે કે ચેક કાયદેસરની લહેણી રકમ પેટે આપવામાં આવેલ હતો અને તે અનુમાન ખંડનાત્મક પાત્ર છે અને આરોપી ઉપર જે સ્ટાન્ડર્ડ ઓફ પ્રુફ આ અનુમાનનું ખંડન કરવા માટેનું છે તે પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી છે. જેથી કાયદાની જોગવાઈ મુજબ શંકાથી પર પુરવાર કરવાનું નથી પરંતુ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીનો પુરાવો રજુ કરવાનો રહેશે અને આરોપીને તે માટે વીટનેશ બોક્ષમાં પણ આવવાની જરૂર નથી, પરંતુ ફરીયાદીએ જે મટીરીયલ એટલે કે જે પુરાવો રજુ કર્યો હોય તેમાંથી અથવા તો સંજોગોથી પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીનું અનુમાન કરી શકાય.

(૧૪) પ્રસ્તુત કેસમાં, આંક–૨૫ થી ફરીયાદીના વકીલશ્રીએ આરોપીનો ફરીયાદીનો ઉલટ તપાસ કરવાનો હક્ક બંધ કરવાની અરજી આપેલ જે સંદર્ભે તા.૩૧/૦૧/૨૦૨૬ ના રોજ આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ફરીયાદીપક્ષનો પુરાવો ધ્યાને લેતાં ફરીયાદીએ આરોપીને બટાકાનું કોમર્શિયલ બિયારણના નાણાં બાબતે આરોપીએ તેમના ખાતાનો આંક–૧૫ વાળો ચેક આપેલો. જે ચેકમાં અપુરતા ભંડોળના કારણે પરત આવેલ છે અને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૩૮ અને ૧૩૯ ની જોગવાઈઓ ધ્યાને લેતાં, ચેક કાયદેસર લેણી પેટે આપવામાં આવેલ છે તેવું કાયદાકીયનું અનુમાન કરવાનું રહે છે અને તેનું ખંડન કરવાની જવાબદારી આરોપીની છે અને પ્રસ્તુત કેસમાં આરોપી હાજર રહેલ નથી કોઈ પુરાવો રજુ કરેલ નથી

કે, ફરીયાદીની ઉલટતપાસ કરેલ નથી જેથી ફરીયાદીપક્ષના પુરાવાનું ખંડન કરવામાં આરોપી નિષ્ફળ રહેલ છે.

(૧૫) ફરીયાદી તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપી સામેનો કેસ પુરાવાથી સાબિત થયેલો છે તેમજ ફરીયાદી પાસેથી આરોપીએ રૂ૦૧,૭૫,૦૦૦/– રકમ ડુબાડેલ છે અને દિન–પ્રતિદિન આ પ્રકારના ગુનાઓમાં વધારો થતો જાય છે, જેથી સમાજમાં દાખલો બેસાડવા આરોપીને કાયદામાં ઠરાવેલ પુરેપુરી શિક્ષા કરવા તથા ફરીયાદીને યોગ્ય વળતર અપાવવા વિનંતી કરેલ છે.

(૧૬) ફરીયાદપક્ષની રજુઆતો ધ્યાને લીધી. ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ જો ગુનો સાબિત થાય તો આરોપીને બે વર્ષ સુધીની કેદની સજા અથવા ચેકની રકમ કરતા બમણી રકમનો દંડ અથવા બન્નેની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. ફરીયાદીની રૂ૦૧,૭૫,૦૦૦/– જેટલી રકમ સંડોવાયેલ હોય, તેમને યોગ્ય વળતર અપાવવાનું ન્યાયોચિત જણાય છે.

(૧૭) આમ, આ કેસની તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં તેમજ કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લેતાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ના ગુના માટે ઠરાવેલ કેદની પુરેપુરી શિક્ષા ન કરતાં ૬ મહિનાની સાદી કેદની શિક્ષા અને બાકી રહેલ ચેકની રકમ રૂ૦૧,૭૫,૦૦૦/– તથા ખર્ચ પેટે રૂ૦૩૫,૦૦૦/– જેટલી રકમ ફરીયાદીને વળતર પેટે અપાવવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનુ માનવું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>॥ હુકમ ॥</u>

આથી, આરોપી **પટેલ સુરેશભાઈ કોદરભાઈ** નાઓને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ના શિક્ષાપાત્ર ગુનાના કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

સજા બાબતે સાંભળવા મુલતવી......

હુકમ આજરોજ તારીખ–**૨૫**, માહે–**મે**, સને–**૨૦૨૬** ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૫/૦૫/૨૦૨૬
કપડવંજ

(માયાદેવી આર. શુકલા)
એડી. ચીફ જ્યુડી. મેજી., કપડવંજ
(જીજે.૦૦૬૮૧)

(૧) ફરિયાદી તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપી સામે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની જોગવાઈ મુજબનો ગુનો પુરવાર કરવામાં ફરીયાદી સફળ રહેલ હોય આરોપીને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ના શિક્ષાપાત્ર ગુનાના કામે આરોપી પાસેથી ફરીયાદીને ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ–૩૫૭(૩) મુજબ ચેકની બમણી રકમ અને મહત્તમ સજાનો દંડ કરી પુરેપુરુ વળતર ફરીયાદીને અપાવવું જોઈએ.

(૨) આ કાયદાની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ રીતે ચલાવવામાં આવેલ હોય ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ–૨૫૫(૨) મુજબ આરોપીને દોષિત ઠરાવવામાં આવે ત્યારે સજા અંગે સાંભળવાની રીતે જરૂર નથી અને પ્રસ્તુત કેસમાં આરોપી પણ હાજર રહેલ નથી જેથી સજા બાબતે તેમને સાંભળવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આમ, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ના કાયદાની જોગવાઈ સમાજમાં દિનપ્રતિદિન આવા પ્રકારના ગુનાનું પ્રમાણ વધતું હોય જેથી અન્ય ગુનેગારોને દાખલો બેસે તે રીતે સમાજના હિતમાં અને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટના ઘડવૈયાનો ઉદ્દેશ લક્ષમાં રાખી ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

<u>॥ આખરી હુકમ ॥</u>

૧. આ કામના આરોપી **પટેલ સુરેશભાઈ કોદરભાઈ,** ઉ.વ.પુખ્ત, રહે.રામજી મંદિર પાસે, મ.પો.વાસણીરેલ તા.બાયડ, જિ.અરવલ્લીનાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવી ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ના ગુના માટે ૬ (છ) માસની સાદી કેદ ની સજા કરવામાં આવે છે.

૨. આ કામના આરોપી **પટેલ સુરેશભાઈ કોદરભાઈ** નાઓએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૩૫૭(૩) મુજબ ચેકની રકમ રૂ૦૧,૭૫,૦૦૦/–(રૂપિયા એક લાખ પંચોતેર હજાર પુરા) અને ખર્ચ પેટે રૂ૦૩૫,૦૦૦/– (રૂપિયા પાત્રીસ હજાર પુરા) દિન–૩૦માં ફરીયાદીને ચુકવી આપવી. તકસીરવાન આજરોજ હાજર નથી અને ઉપરોક્ત

વળતરની રકમ જમા કરાવેલ નથી, જેથી આરોપીને કસુર બદલ વધુ ૭(સાત) દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૩. ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૮૮૧ની કલમ–૧૩૮ના શિક્ષાપાત્ર ગુનામાં છ માસની સાદી કેદની સજા અને વળતરની કસુરની દિન–૦૭ની સજા અલગ અલગ હોય એક પછી એક ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ કામે આરોપીએ કાચા કામના કેદી તરીકે કોઈ સજા ભોગવેલ હોય તો તે મજરે આપવી.

૫. આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૩૬૩(૧) મુજબ આરોપી હાજર થયેથી આ હુકમની નકલ વિનામુલ્યે આપવી.

હુકમ આજરોજ તારીખ–**૨૫,** માહે–**મે,** સને–**૨૦૨૬**ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૫/૦૫/૨૦૨૬
કપડવંજ

(માયાદેવી આર. શુકલા)
એડી. ચીફ જ્યુડી. મેજી., કપડવંજ
(જીજે.૦૦૬૮૧)

H.M.G